જ્ઞાનહીન અમ આત્મ સકલમાં, ક્ષમા-ભાવહીન અંતરતરમાં, ભર સુગુંધ અમ અંગ-અંગમાં, કર પ્રદાન તુજ જ્યોતિ મંગલા, તવ શિશુઉર ભર દે... વર દે !

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૪૦ | ૮ નવેમ્બર, ૨૦૨૦, રવિવાર; નિ. આસો વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# બિહારમાં ૭૮ બેઠક પર ૫૪ ટકા મતદાન

## ૧૧ મંત્રીનાં ભાવિ સીલ : બિહારમાં આરજેડી, એલજેપી, એનડીએ સહિતના પક્ષોના જીતના દાવા : આજના મતદાન બાદ ૧૦મી નવેમ્બરે પરિણામ જાહેર કરાશે : બિહારની ૭૮ સીટ માટે ૧૨૦૭ ઉમેદવાર મેદાનમાં : બધાના ભાવિ ઈવીએમમાં સીલ



પટના, તા. ૭

બિહાર વિધાનસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે આજે મતદાન ચાલી રહયું છે.અંતિમ અને ત્રીજા તબક્કા માટે બિહારની ૭૮ વિધાનસભા બેઠક પર મતદાન પૂર્ણ થઈ ગયું હતું. ૭૮ બેઠકો માટે લગભગ ૫૪ ટકા જેટલું મતદાન નોંધાયું છે. આ માટે બિહારમાં ૩૩,૭૮૨ મતદાન કેન્દ્ર બનાવવામાં આવ્યા છે. અહીં ઈવીએમ અને વીવીપેટ મારફતે મતદાન ચાલી રહ્યું છે.

બિહાર અંતિમ તબક્કાના મતદાન સાથે એકમાત્ર વાલ્મીકિ નગર લોકસભા બેઠક પર પેટાચૂંટણી માટે મતદાન યોજાયું હતું. અંતિમ તબક્કાનું મતદાન બિહારમાં મિથિલા અની સીમાંચલ વિસ્તારોમાં પૂર્ણ થયું હતું. આથી અહી બ્રાહ્મણ અને મુસ્લિમ વોટર્સ નિર્ણાયક સાબિત થશે. બિહારના અંતિમ તબક્કાના મતદાનમાં વિધાનસભા અધ્યક્ષ ઉપરાંત ૧૧ મંત્રી પણ મેદાનમાં છે જેમના ભાવિનો ફેંસલો આજે ઈવીએમમાં સીલ થઈ જશે. આ તબક્કામાં વિધાનસભા અધ્યક્ષ વિજય કુમાર ચૌધરી ઉપરાંત

● અનુસંધાન પાન-૭ પર

# બિહારમાં બદલાવના એંધાણ મહાગઠબંધન સરકારના સંકેત

## બિહારના ત્રીજા તબક્કાના મતદાન બાદ ૧૦ નવેમ્બરે આવનારા પરિણામ પૂર્વે વિવિધ એક્ઝિટ પોલમાં કોઈને પણ સ્પષ્ટ બહુમતી મળે એમ લાગતું નથી

નવી દિલ્હી, તા. ૭

બિહાર વિધાનસભા ચૂંટણીનું ત્રીજા તબક્કાનું મતદાન પૂર્ણ થતાં જ એક્ઝિટ પોલ આવવાના શરુ થઈ ગયા છે. રાજ્યમાં કુલ ૨૪૩ બેઠકો પર ત્રણ તબક્કામાં વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી. જેનું પરિણામ ૧૦ નવેમ્બરના રોજ જાહેર થવાનું છે. ઉલ્લેખનીય છે કે, કોરોના કાળમાં દેશમાં થયેલી આ સૌથી મોટી ચૂંટણી હતી જેમાં સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે વોટિંગ કરાયું હતું.



સી-વોટર્સ-એબીપીનો એક્ઝિટ પોલ અનુસાર એનડીએઃ જેડીયુ- ૩૮-૪૬ બેઠક, ભાજપ- ૬૬-૭૪ બેઠક, વીઆઈપી- ૦-૪ બેઠક, એચએએમ- ૦-૪ બેઠક યુપીએઃ આરજેડી- ૮૧-૮૯ બેઠક, કોંગ્રેસ- ૨૦-૨૧ બેઠક, ડાબેરી- ૬-૧૩ બેઠક મળવાની શક્યતા દર્શાવાઈ છે.

ટાઈમ્સ નાઉ-સી વોટર્સનો એક્ઝિટ પોલમાં એનડીએને ૧૧૬, મહાગઠબંધનને ૧૨૦, એલજેપીને ૧ અને અન્યોને ૬ બેઠક મળી શકે છે. આ એક્ઝિટ પોલ અનુસાર બિહારમાં કોઈને સ્પષ્ટ બહુમત ના મળે તેવી શક્યતા છે.

સી-વોટર્સના એક્ઝિટ પોલ અનુસાર, આરજેડી સૌથી વધુ બેઠકોવાળી પાર્ટી બની રહી છે. જ્યારે જેડીયુ ત્રીજી સૌથી મોટી પાર્ટી બની શકે છે. આરજેડી બાદ ભાજપને સૌથી વધુ બેઠકો મળે તેવું અનુમાન આ એક્ઝિટ પોલમાં વ્યક્ત

● અનુસંધાન પાન-૭ પર


# જો બાઈડેન અમેરિકાના નવા પ્રમુખ

## જ્યોર્જિયાના પુનઃ મતગણતરી કરતા બાઈડેનને સરસાઈ મળતા ૪૬માં પ્રમુખ તરીકે જો બાઈડેન વિજયી

વોશિંગટન, તા. ૭

અમેરિકાના મિડીયા દ્વારા સત્તાવાર જાહેરાત મુજબ જો બાઈડેન અમેરિકાના ૪૬માં રાષ્ટ્રપ્રમુખ તરીકે વિજયી બન્યા છે. તેમને ૨૮૪ ઈલેક્ટ્રોલ વૉટ પ્રાપ્ત થતાં અમેરિકાના નવા પ્રમુખનો પદભાર સંભાળશે. ડેમોક્રેટીક પાર્ટીના જો બાઈડેન વિજયી થતાં ડોનાલ્ડ ટ્રમ્પનો કારમો પરાજય થયો છે. સાથે સાથે મૂળ ભારતીયના કમલા હેરીસ પ્રથમ મહિલા વાઈસ પ્રેસિડેન્ટ બન્યા છે. એશિયન અમેરિકનનો

● અનુસંધાન પાન-૭ પર




## છેલ્લે... છેલ્લે...

- આંધ્રપ્રદેશમાં સ્કૂલો ખોલતા ૪ જ દિવસમાં ૬૦૦ વિદ્યાર્થીઓ,૮૦૦ શિક્ષકો કોરોના પોઝિટિવ
- ઉન્નાવના ભાજપ સાંસદ સાક્ષી મહારાજ કોરોનાથી સંક્રમિત
- કેરળના રાજયપાલ આરિફ મોહમ્મદ ખાન કોરોના પોઝિટિવ
- વિશ્વમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬.૨૪ લાખ કોરોનાના નવા કેસ
- રાજસ્થાનમાં નગરપાલિકાની ચૂંટણીની જાહેરાત ૨૦મી ડિસેમ્બરે મતદાન યોજાશે.

# ઈસરોનું ઈઓએસ-૧ નું સફળ લોન્ચિંગ

## અન્ય ૯ ઉપગ્રહ પણ મોકલાયા : કૃષિ, વનીકરણ, ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં ઉપગ્રહ ઉપયોગી



શ્રીહરિકોટા, તા. ૭

ભારતે પીએસએલવી સી-૪૯માં અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ ઈઓએસ-૦૧ તેમજ નવ વિદેશી ઉપગ્રહોનું આજે સફળ લોન્ચિંગ કર્યું હતું. પોલાર સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (પીએસએલવી-સી૪૯/ઈઓએસ ૦૧)નું સતિષ ધવન સ્પેસ સેન્ટરથી બપોરના ૩.૧૨ કલાકે ઈસરોએ લોન્ચ કર્યું હતું. કોરોના વાયરસ મહામારી વચ્ચે ઈસરોનું આ સૌપ્રથમ સફળ લોન્ચ રહ્યું છે.

૨૬ કલાકના રિવર્સ કાઉન્ટડાઉનના અંતે પીએસએલવી સી-૪૯ને લોન્ચ કરાયું હતું. જો કે નિર્ધારિત સમય કરતા ૧૦ મિનિટનો વિલંબ થયો હતો. ઈસરોના જણાવ્યા મુજબ વ્હીકલના માર્ગમાં કેટલાક રજકણો હોવાથી લોન્ચમાં વિલંબ થયો હતો. ચાલુ વર્ષએ ઈસરોનું આ પ્રથમ મિશન રહ્યું છે.

ઈઓએસ ૦૧ કૃષિ, વનીકરણ તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં ઉપયોગી ઉપગ્રહ છે. તે રડાર ઈમેજિંગ સેટેલાઈટ

● અનુસંધાન પાન-૭ પર






# જો બિડેન તંત્ર સાથે તાલમેલ માટે ભારતની તૈયારીઓ શરૂ

નવી દિલ્હી, તા. ૭

અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પરાજય તરફ આગળ વધી રહ્યા છે જ્યારે જો બિડેનનો વિજય લગભગ નિશ્ચિત છે. બિડેન હવે ટ્રમ્પના સ્થાને અમેરિકાના નવા રાષ્ટ્ર પ્રમુખ બનશે. તેવામાં સવાલ એ થઈ રહ્યો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ટ્રમ્પ સાથેની મિત્રતાનું નુકસાન તો ઉઠાવવું નહીં પડે ને? સ્વાભાવિક છે કે સરકારના સ્તરે પણ આ સવાલનો જવાબ શોધવામાં આવી રહ્યો હશે. તે જ કારણ છે કે ભારતે નવા અમેરિકન વહિવટી તંત્ર સાથે તાલમેલ મેળવવા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ અંતર્ગત અમેરિકામાં ભારતના રાજદૂત તરનજીત સિંહ સંધૂ બિડેનની ડેમોક્રેટિક પાર્ટીના સાસંદો સાથે મીટિંગ કરી રહ્યા છે. કેટલીક મીટિંગ જાહેરમાં થઈ રહી છે જ્યારે કેટલીક મીટિંગ ખાનગી રાખવામાં આવી રહી છે.

**ભારતીય દૂતાવાસ ભારતીય મૂળના બે મહત્વપૂર્ણ વ્યક્તિઓ સાથે પણ સંપર્ક વધારવામાં લાગી ગયું**

એટલું જ નહીં ભારતીય દૂતાવાસ ઓબામા વહિટટી તંત્રમાં મુખ્ય ભૂમિકા ભજવી ચૂકેલા ભારતીય મૂળના બે મહત્વપૂર્ણ વ્યક્તિઓ સાથે પણ સંપર્ક વધારવામાં લાગી ગયું છે. તેમાંથી એક છે વિવેક એચ. મૂર્તિ અને બીજા છે રાજીવ રાજ શાહ. મૂર્તિએ બિડેનની ચૂંટણી અભિયાનમાં પણ મહત્વની ભૂમિકા ભજવી છે અને તેમને નવા વહિવટી તંત્રમાં સારું પદ મળી શકે છે. મૂર્તિ ૨૦૧૪મા ઓબામાના સૌથી ઓછી ઉંમરના સર્જન જનરલ રહ્યા હતા. શાહની ભૂમિકા પણ ઘણી મહત્વની રહી હતી. તેવામાં શાહ બિડેન વહિવટી તંત્ર સાથે ભારતનો તાલમેલ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. તેઓ શિક્ષા અને અર્થ શાસ્ત્ર વિભાગના અંડર સેક્રેટરી અને અમેરિકન ખેતી વિભાગના મુખ્ય વૈજ્ઞાનિક રહી ચૂક્યા છે.

ભારતીય રાજદૂત અમેરિકન કોંગ્રેસના બ્લેક કોક્સના સંપર્કમાં પણ છે. કમલા હેરિસ આફ્રિકન-અમેરિકન સાસંદોના આ જૂથના સભ્ય છે.





